## લોક અદાલતમાં કેસ મુકવાના ફાયદા

(૧) તકરાર નિવારણનો શ્રેષ્ઠ વિકલ્પ એટલે લોક અદાલત.

(૨) ત્વરીત, અસરકારક, સંતોષકારક અને સરળ ન્યાય લોક અદાલત જ આપી શકે.

(૩) લોક અદાલતમાં કેસ મુકવા માટે પક્ષકારોએ કોઈ ખર્ચ કરવાનો રહેતો નથી.

(૪) કોર્ટ - કચેરીઓમાં મુદતે મુદતે ધક્કા ખાતા પક્ષકારો, સાક્ષીઓ વિગેરેને પડતી મુશ્કેલીઓમાંથી લોક અદાલત મુક્ત કરે છે.

(૫) લોક અદાલતને કાનૂની સેવા સત્તા અધિનિયમ ૧૯૮૭થી કાયદાકીય કવચ પ્રાપ્ત છે. જેમ કે, ૧૯૮૭ના કાયદાની કલમ ૨૧(૧) અન્વયે લોક અદાલતનો પ્રત્યેક ચુકાદો સિવિલ કોર્ટનું હુકમનામું અથવા યથા પ્રસંગે અન્ય કોઈ ન્યાયાલયનો હુકમ છે એમ ગણાશે, અને

(૬) લોક અદાલત તેની સમક્ષ મુકવામાં આવેલ કેસનો સમાધાન અગર પતાવટથી નિકાલ કરે ત્યારે તેવા કેસમાં ભરેલ કોર્ટ ફી, કોર્ટ ફી એક્ટ ૧૮૭૦ નીચે કરવામાં આવેલી જોગવાઈ મુજબ પરત કરવામાં આવશે.

(૭) કાયદાની કલમ ૨૧(૨) મુજબ લોક અદાલતે આપેલ પ્રત્યેક ચુકાદો આખરી ગણાશે અને તકરારના તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે. આવા ચુકાદા સામે કોઈ પણ કોર્ટમાં અપીલ કરી શકાશે નહીં.

(૮) કાયદાની કલમ ૨૨(૧)ના પ્રબંધ અનુસાર લોક અદાલત સમક્ષ આવેલ દાવા કે અરજીના નિર્ણયની કાર્યવાહી કરતી વખતે દીવાની અદાલતને સિવિલ પ્રોસિઝર કોડ હેઠળ જે સત્તા હોય છે તેવી જ સત્તા લોક અદાલતને પ્રાપ્ત હોય છે. જેમ કે કોઈ પણ સાક્ષી ઉપર સમન્સ કાઢવાની અને તેને હાજર રહેવાની ફરજ પાડવાની અને તેની સોગંદ ઉપર જુબાની લેવાની સત્તા લોક અદાલત વાપરી શકે છે.

(૯) લોક અદાલત સમાજ માટે તકરાર નિવારણનો સુવર્ણ માર્ગ છે. એટલું જ નહીં પરંતુ અરજદાર અને ન્યાય વચ્ચેનો સલામત સેતુ છે.

**લોક અદાલત એટલે**
**લોકો માટેની**
**લોકો દ્વારા**
**ચાલતી અદાલત**

<u>નોંધ</u> : આ માહિતી ફક્ત કાયદાની સરળ સમજ આપવાનો પ્રયાસ છે. તેનો અન્ય ઉપયોગ થઈ શકશે નહીં.